નસવાડીના તણખલા ગામમાં નોટિસ વિના કાર્યવાહીનો વકીલે ઉઠાવ્યો વાંધો

નસવાડીના તણખલામાં ગેરકાયદે દબાણ હટાવવાની કાર્યવાહી મુદ્દે ઘમાસાણ સર્જાયું

સ્થાનિકોએ APMCની ગેરકાયદેસર દુકાનોનો મુદ્દો ચગાવ્યો

(પ્રતિનિધિ) નસવાડી તા.20

નસવાડી તાલુકાના તણખલા ગામે નસવાડી APMCના સભ્યોની ગેટ બહાર આવેલી ત્રણ કેબીનોના દબાણ દૂર કરવા ગયેલા મામલતદાર અને એક વકીલ વચ્ચે ઉગ્ર બોલાચાલી સર્જાઈ હતી. મામલતદાર પોલીસ બંદોબસ્ત અને JCB સાથે દબાણ દૂર કરવા પહોંચતા, દબાણકારોને અગાઉ કોઈ નોટિસ આપવામાં આવી ન હોવાનું સામે આવતા વકીલે કડક વાંધો ઉઠાવ્યો હતો.

આ અંગે સ્થાનિકોએ રજૂઆત કરી હતી કે, આ કેબીનો છેલ્લા 12 વર્ષથી ગ્રામ પંચાયતની જમીન પર છે અને નિયમિત રીતે વેરો પણ વસૂલવામાં આવે છે. આ કેબીનોમાં ગરીબ પરિવારો શાકભાજી વેચીને ગુજરાન ચલાવે છે. બીજી તરફ APMC સત્તાવાળાઓએ દબાણ હટાવવાની અરજી કરતાં મામલતદાર તાત્કાલિક કાર્યવાહી માટે પહોંચ્યા હતા. પરંતુ કાર્યવાહી દરમ્યાન સ્થાનિકોએ વધુમાં આક્ષેપ કર્યો કે APMC દ્વારા કોતર ઉપર ગેરકાયદેસર રીતે દુકાનો બનાવવામાં આવી છે તેમજ આસપાસના અન્ય શોપિંગ સેન્ટરો પણ દબાણ હેઠળ છે, જે બાબતે અગાઉથી તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરાઈ છે. આ મુદ્દે અધિકારીઓ પણ મૂંઝવણમાં મુકાયા હતા. આ પરિસ્થિતિ ઉગ્ર બનતા મામલતદારે મામલો થાળે પાડવા તલાટીને દબાણકારોને નોટિસ આપવાની સૂચના આપી હતી અને અંતે પોલીસ બંદોબસ્ત સાથે પરત ફર્યા હતા. સમગ્ર ઘટનાએ સરકારી તંત્રની કાર્યવાહી અને નિયમોના પાલન મુદ્દે અનેક સવાલો ઊભા કર્યા છે.

પાવીજેતપુરના ઈટવાડા ફળિયામાં ગામસાઈ ઈન્દની પરંપરાગત ઉજવણી



છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ઈટવાડા ફળિયામાં આદિવાસી સંસ્કૃતિના જીવંત પ્રતિબિંબ સમાન 'ગામસાઈ ઈન્દ'નો ભવ્ય મેળો પરંપરાગત શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવાઈ રહ્યો છે. આશરે 60થી 70 વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાતા 'દેવોની પેઢી બદલવાના' આ પવિત્ર પ્રસંગમાં 18મી ડિસેમ્બરથી 28મી ડિસેમ્બર સુધી ભક્તિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે. જેમાં બળવા અને પુંજારા દ્વારા વિધિવત રીતે દેવોના નવા ઘોડા તથા નવા ખુટનું સ્થાપન કરવામાં આવે છે. આ ઉત્સવમાં આદિવાસી સમાજના લોકો પારંપરિક પહેરવેશમાં સજ્જ થઈ ઢોલ-માંદળના તાલે અને તીર-કામઠા સાથે નૃત્ય-ગીતો દ્વારા પ્રકૃતિ માતા તથા પૂર્વજોની આરાધના કરી રહ્યા છે. આ મેળો માત્ર ધાર્મિક પ્રસંગ જ નહીં, પરંતુ આદિવાસી સમાજની એકતા, ઓળખ અને પેઢીદર પેઢી ચાલી આવતી ભવ્ય પરંપરાને નવી ઉર્જા સાથે જીવંત રાખતો એક મહાન સાંસ્કૃતિક ઉત્સવ બની રહ્યો છે.

અવસાન પામેલા અને સ્થળાંતરિત મતદારોની સચોટ ઓળખ

છોટાઉદેપુરમાં 27 હજાર મતદારોએ સ્થળાંતર કર્યું

જિલ્લામાં કુલ 8.42 લાખ મતદારો પૈકી 7.76 મતદારો નોંધાયાં

(પ્રતિનિધિ) ક્વાંટ તા.20

છોટાઉદેપુર જિલ્લામાં મતદાર યાદી શુદ્ધિકરણ અને સુધારણા પ્રક્રિયામાં વહીવટી તંત્રને નોંધપાત્ર સફળતા મળી છે. જિલ્લામાં કુલ 8,42,280 મતદારો પૈકી 7,76,945 મતદારો પાસેથી ગણતરી ફોર્મ મેળવવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા આ તમામ 7.76 લાખથી વધુ ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઈઝેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

છોટાઉદેપુર જિલ્લામાં બૂથ લેવલ ઓફિસર (BLO) દ્વારા કરવામાં આવેલા ડોર-ટુ-ડોર સર્વે દરમિયાન મતદાર યાદીમાં રહેલી ખામીઓની સચોટ ઓળખ કરવામાં આવી છે. સર્વેમાં ઘટસ્ફોટ માહિતી બહાર આવી છે. જિલ્લામાં અવસાન પામેલા 27,647 મતદારોના નામ યાદીમાં હતાં. તેવી જ રીતે કાયમી રીતે સ્થળાંતરિત થયેલા 27,994 મતદારોના નામ પણ નોંધાયેલા હતાં. આ ઉપરાંત અનટ્રેસેબલ મતદારો 4224 અને બેવડા નામમાં 4468 તથા અન્ય કારણમાં 1003 નામો શોધી કાઢવામાં આવ્યાં છે.

આ ચકાસણીથી મતદાર યાદી વધુ પારદર્શક અને ચોક્કસ બનવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. જેમાં મતદાર યાદીમાં નામ નોંધાવવાનું બાકી હોય, નામમાં સુધારો કરવો હોય કે નામ કમી કરાવવાની જરૂર હોય એવા નાગરિકો માટે તંત્ર દ્વારા સમયમર્યાદા જાહેર કરવામાં આવી છે. જેના માટે છેલ્લી તારીખ 18મી જાન્યુઆરી, 2026 રાખવામાં આવી છે. બાદમાં 10મી ફેબ્રુઆરી સુધી નિકાલ કરવામાં આવશે.

આથી, નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ નિયત સમયમર્યાદામાં જરૂરી પુરાવા સાથે પોતાની રજૂઆત કરે, જેથી અંતિમ મતદાર યાદી સંપૂર્ણ, ચોક્કસ અને નિષ્પક્ષ બનાવી શકાય. વધુમાં વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, આ સમગ્ર પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને ભૂલરહિત બનાવવાનો અને આગામી ચૂંટણીમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે.

ડભોઈ તાલુકા પેન્શનર મંડળની વાર્ષિક સભા યોજાઈ

(પ્રતિનિધિ) ડભોઈ તા. 20

ડભોઈ તાલુકા પેન્શનર મંડળની 50મી વાર્ષિક સાધારણ સભા પ્રમુખના અધ્યક્ષ સ્થાને ડભોઈ સત્તર ગામ પટેલ વાડી ખાતે યોજવામાં આવી હતી.જેમાં તાલુકા સહિત જિલ્લાના વિવિધ હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સિનિયર પેન્શનરોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં મહાનુભાવો દ્વારા પેન્શનર મંડળના લગતા પ્રશ્નોને લઈ વિગતવાર સમજણ આપી હતી. ડભોઈ તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ ઠાકોરભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સભાનું આયોજન કરાયું હતું. વડોદરા જિલ્લા તેમજ તાલુકાના પદાધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહી સભામાં ઉપસ્થિત પેન્શનરોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં પેન્શનર્સ હાજર રહ્યાં હતાં.

સાવલી નગરમાં દબાણ મુદ્દે હલચલ : વિરોધ પક્ષના નેતાની ચીફ ઓફિસરને લેખિત રજૂઆત

સાવલીના માર્ગો પર દબાણોથી ટ્રાફિક અને અકસ્માતનો ભય

રાજ્ય સરકારના પરિપત્રની અમલવારી ન થતી હોવાનો આક્ષેપ, તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) સાવલી તા.20

સાવલી નગરપાલિકા વિસ્તારમાં આવેલા મુખ્ય રાજ્ય માર્ગો તેમજ આંતરિક જાહેર રસ્તાઓ પર ખાનગી ઈસમો અને દુકાનદારો દ્વારા કરવામાં આવતા ગેરકાયદેસર દબાણોને લઈ નગરમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા હસુભાઈ પટેલ દ્વારા આ મુદ્દે કડક આક્ષેપો સાથે ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આ રજુઆતમાં જણાવ્યા મુજબ, નગરપાલિકા હસ્તકના વિસ્તારોમાં દુકાનદારો દ્વારા રસ્તા ઉપર ઓટલા, લારીઓ, કેબિન, શેડ તેમજ માલસામાન મૂકી જાહેર માર્ગોને સાંકડા કરી દેવામાં આવ્યા છે. પરિણામે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ રહી છે અને અકસ્માતોની સંભાવના પણ વધી રહી હોવાનું પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ અંગે વિરોધ પક્ષના નેતાએ વધુમાં આક્ષેપ કર્યો છે કે રાજ્ય સરકારના મહેસુલ વિભાગના પરિપત્રમાં સરકારી ખુલ્લી જમીન અને જાહેર રસ્તાઓ પરથી દબાણ દૂર કરવાની જવાબદારી સંબંધિત મહેસુલ અધિકારીઓ અને સ્થાનિક સંસ્થાઓની છે. આમ છતાં સાવલી નગરપાલિકા વિસ્તારમાં આ પરિપત્રની યોગ્ય અમલવારી થતી નથી અને દબાણકારો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

આ પત્ર દ્વારા માંગ કરવામાં આવી છે કે નગરના તમામ મુખ્ય રાજમાર્ગો અને જાહેર રસ્તાઓ ઉપર થયેલા ગેરકાયદેસર અતિક્રમણો તાત્કાલિક દૂર કરવામાં આવે. સાથે સાથે જવાબદાર અધિકારીઓ તથા કર્મચારીઓ સામે શિસ્તભંગ મુજબ કાર્યવાહી કરવામાં આવે અને ફરીથી દબાણ ન થાય તે માટે કાયમી દેખરેખની વ્યવસ્થા ઊભી કરવામાં આવે. જો દબાણ કોમર્શિયલ પ્રકારનું હોય તો વીજળી, પાણી અને ગટર જેવી સુવિધાઓ ન આપવા અંગે કડક અમલ કરવાની પણ સ્પષ્ટ માંગ ઉઠી છે. સાવલી નગરમાં દબાણ મુદ્દે કાયદેસર કાર્યવાહી કરવાની આ લેખિત રજૂઆતની ખબર ફેલાતાં જ દબાણકારોમાં ફફડાટ વ્યાપી ગયાનું ચર્ચાઈ રહ્યું છે.

બોડેલીના વિસાડી ગામમાં ગેસ લીકેજથી લાગેલી આગમાં મકાન ખાખ

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વિસાડી ગામે ગેસ લીકેજના કારણે એક રહેણાંક મકાનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં વિધવા મહિલાઓની તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, સવારે ચા બનાવવા માટે સગડી ચાલુ કરતી વખતે અચાનક થયેલા ભડકાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના પરિણામે ઘરમાં રાખેલા ઘાસના પુળા અને રોકડા 20,000 રૂપિયા સહિત આખું મકાન બળીને ભસ્મીભૂત થઈ ગયું હતું. સદનસીબે, ઘરની મહિલાઓએ હિંમત દાખવી ગાયો અને ભેંસોના દોરડા કાપી તેમને મુક્ત કરી દેતા કોઈ જાનહાનિ કે પશુહાનિ થઈ નથી, પરંતુ મકાન અને સામાન નાશ પામતા આ પરિવારો હાલ ઘરવિહોણા બની ગયા છે,. બોડેલી પંથકમાં ગેસ બોટલો લીકેજ આવતા હોવાની વ્યાપક લોક ચર્ચા વચ્ચે, આ ગંભીર દુર્ઘટનાનો ભોગ બનેલી મહિલાઓએ હવે સરકાર પાસે તાત્કાલિક આર્થિક સહાયની માંગ કરી છે.

છોટાઉદેપુર પાલિકાનું વેરા વસુલાતમાં ઉદાસિન વલણ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા. 20

છોટાઉદેપુર નગરપાલિકામાં ઉલટી ગંગા વહેતી જોવા મળે છે. પાલિકા પોતાની આવક માટે અથવા હક્કના મળવા પાત્ર નાણાની વસૂલાતમાં ખુબજ ઉદાસીન જણાય છે.

જિલ્લાના મુખ્ય મથક તેવા અ વર્ગની નગરપાલિકામાં અમસ્તાં જ આંગળી ના વેઢે ગણાય તેટલા લોકો વ્યવસાય વેરો ભરતા હશે. આરટીઆઈ માં પાલિકા ત્રણ મહિનાથી માહિતી આપવા માં નિષ્ફળ છે. આ પાલિકા ની ચોખ્ખી આવક છે પણ ખરેખર સેંકડો કે હજારો નાગરિકો વ્યવસાય વેરો ભરતા નથી. આ જ પરિસ્થિતિ મિલકતવેરામાં પણ જોવા મળે છે. ઘણી મોટી રકમની વસૂલાત બાકી છે.

પાલિકાના જે કોર્પોરેટરો પોતાના વોર્ડના વિકાસ કામો માટે દાદાગીરી કરે છે, તે જ કોર્પોરેટરો પોતાના જ વોર્ડના બાકી વેરાની વસૂલાત બાબતે મૂંગા થઈ જાય છે.

એક મહત્વ નો મુદ્દો છે અન્ય સરકારી કચેરી અને વિભાગો, આ લોકો પણ પાલિકામાં ભરવા પાત્ર રકમો બાબતે ખુબજ ઉદાસીન જોવા મળે છે. પાલિકાના દરબાર હોલનો સૌથી વધારે ઉપયોગ સરકારી તંત્ર જ કરે છે. પાલિકાના પ્રમુખ સહિતના હોદ્દેદારો એ ક્યારેય પ્રયત્ન કર્યો જ નથી કે દરબાર હોલનું ભાડું નિયમિત પાલિકામાં જમા થાય.

સામાન્ય નાગરિકે એક દિવસ ના વપરાશ ના હજારો રૂપિયા પાલિકા ને ચૂકવવા પડે છે અને સરકારી કચેરીઓ ભાડું તો ઠીક, દરબાર હોલ ની વીજળી વાપરે તેના પૈસા પણ ચૂકવતી નથી!

છોટાઉદેપુરમાં 6ઠ્ઠી ફેબ્રુ.ના રોજ અનોખી મેરેથોન યોજાશે

છોટાઉદેપુર મેરેથોન- 2026નો લોગો અને રૂટ મેપ લોન્ચ કરાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.20

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને 'છોટાઉદેપુર મેરેથોન' અંગેની પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી છઠ્ઠી ફેબ્રુઆરી 2026ના રોજ યોજાનારી અનોખી મેરેથોનનો સત્તાવાર લોગો અને રુટ મેપનું અનાવરણ કરી, નોંધણી (રજિસ્ટ્રેશન) પ્રક્રિયા માટે https://www.marathonchhotaudepur.com/ ખુલ્લી મૂકવામાં આવી હતી.

આ અંગે કલેક્ટર ગાર્ગી જૈને જણાવ્યું હતું કે, આ મેરેથોન માત્ર રમતગમતનો કાર્યક્રમ નથી, પરંતુ તે છોટાઉદેપુર જિલ્લાની આદિવાસી સંસ્કૃતિ, પ્રાકૃતિક સૌંદર્ય અને સ્થાનિક કલાને વૈશ્વિક ફલક પર રજૂ કરવાનું એક માધ્યમ છે. 'ફિટ ઇન્ડિયા' અને 'વિકસિત ભારત 2047' ના સંકલ્પને સાકાર કરવા માટે આ મેરેથોન એક દૃઢ પગલું સાબિત થશે."

આ મેરેથોનના ઉત્સાહને વધારવા માટે વહીવટીતંત્ર દ્વારા અગાઉથી જ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે: જેમાં 24મી ડિસેમ્બરે ટી-શર્ટ અને કેપ લોન્ચિંગ મેરેથોનની સત્તાવાર કીટનું વિતરણ, ચોથી જાન્યુઆરી માર્ગ સ્વચ્છતા અભિયાન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જાગૃતિ, 10મી જાન્યુઆરી એક કિલોમીટર સાડી રન મહિલા આરોગ્ય અને સશક્તિકરણ, 18મી જાન્યુઆરી પ્રાકૃતિક ટ્રેલ રન પર્યાવરણ સંરક્ષણ માટે કુદરતી માર્ગો પર દોડ, 25મી જાન્યુઆરી હેરિટેજ વોક 'વિકાસ પણ, વારસો પણ' ના મંત્ર સાથે, 7મી ફેબ્રુઆરી ભવ્ય સાંસ્કૃતિક સંધ્યા સ્થાનિક કલાકારો દ્વારા જનજાતીય લોકનૃત્ય અને સંગીત સહિતનું આયોજન કરાયું છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
+(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

જમીન પુરાણ માટેનો
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

,લાઈફ હિંચકાના કડાં
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

હિંચકાના કડાંવાલા
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

પ્લોટના સબ ડિવિઝન
લોચા વાલી સોસાયટીકે પ્લોટના ટાયટલ ક્લીયર, સરકારી કામ માટે મળો 9978936367

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

મિલ્કત વેચવાની છે

મક્કાઈ પુલ, અડાજણ
પાસે 377 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

ઓપન પ્લોટ વેચવાનો
છે. નાણાવટ, હનુમાનપોળ, સુરત ખાતે 148 વારનો પ્લોટ દુકાન/ શોરૂમ/ કોમર્શિયલ/ રહેઠાણ લાયક હિન્દુ એરિયામાં વેચવાનો છે. (દલાલ આવકાર્ય) સંપર્કઃ- 9265328824

BHK ફ્લેટ 3/4
ફુલ્લી ફર્નિશ્ડ વેચવાનો. પાલ. 9909601200

"લોન વિષયક"
1 લાખ થી 5 લાખ
રૂપિયાની લોનની જરૂરત હોય તો એપોઈન્ટમેન્ટ લઈને સંપર્ક કરો
લોન-કન્સલટન્ટ
વિજય ખેડેકર
મો.નં.7202820113

રોહાઉસ વેચવાનું છે
નવું બાંધકામ. પાલ. 9909601200

અડાજણમાં
અજેન્ટ 1 BHK વિથ ફર્નિચર ફ્લેટ વેચવાનો છે. 2800000, 9879552618

.પ્લોટ વેચવાનો છે
પાલ. 9909601200

વેચાણથી આપવાનું છે
સેટેલાઈટ બંગ્લોઝમાં સંપૂર્ણ હવા ઉજાસવાળું 3BHK વીલા,
પ્લોટ સાઈઝ : 236 ચો.વાર
બાંધકામ : 3000 ફુટ
ગ્રાઉન્ડ + 1 (સેમી ફર્નીશ્ડ)
વધુ વિગત અને વિઝીટ માટે સંપર્ક કરો.
9724230670

વેચવાનું છે
ડુમસ- સી ફેસથી ફક્ત ૧ કિ.મી. ના અંતરે ડુપ્લેક્ષ બંગલો- પેરેડાઈઝ પાર્ક સોસાયટીમાં લંગર ચાર રસ્તા પાસે, સુલતાનાબાદ-ડુમસ મો. નં. ૯૮૯૮૫૩૦૩૫૦ ((695

હોમાભક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ
99987 87143

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સાગર 9427113317
સેલવાસ દમણ ખાનવેલમાં રિસોર્ટ શનિ/ રવિ, (ધૂળેટીમાં શાહપુરા (ખાટુશ્યામ સાંવરિયાજી **ડિસેમ્બરે /24)**
અષ્ટવિનાયક (પાંચ જ્યોતિર્લિંગ જાન્યુઆરી દરરોજ /3) મહામાધ મેળો, પ્રયાગરાજ) 9825967888

ઓમશિવ ટ્રાવેલ્સ
રાત્રે, રણઉત્સવ, 23-કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ. 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

કચ્છ રણોત્સવ
જાણીતું અને માનીતું નામ. કિંજલ શાહ સંગાથે માણો સફેદ રણ/ ભુજ/ માતાનો મઢ અને માંડવીની મુલાકાત. બુકિંગ શરૂ થઈ ચુક્યું છે. Joy Enjoy Travel Planner. 9426157371

મિલ્કત ભાડેથી

સચિન હોજીવાલા
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
/3612 /1484 /756 વિગેરેના 7308 પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, (9825141500 (118

ડિસપ્યુટ વાળી જમીન
ખરીદવા અને વેચવા માટે મળો. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

નોકરી વિષયક

મસાલા પેકીંગ માટે
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

.અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં